



**અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજમાં યોગ દિવસની પ્રેકટીશ યોજાઈ**

વિશ્વ યોગ દિવસની પૂર્વ સંધ્યાએ શહેરભરમાં તડામાર તૈયારીઓ જોવા મળી હતી. શહેરના સે-૨૩ સ્થિત અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજના એનએસએસ યુનિટ દ્વારા પ્રેકટીશ સેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સૂક્ષ્મ વ્યાયામ, આસન, પ્રાણાયામ તથા સૂર્ય નમસ્કાર વગેરેની વિદ્યાર્થીઓએ પ્રેકટીશ કરી હતી. સમગ્ર સેશનનું આયોજન કોલેજના ફિઝિકલ એજ્યુકેશનના પ્રોફેસર ડૉ. રણછોડ રથવી દ્વારા કરાયું હતું. જે પ્રસંગે ઉપસ્થિત આચાર્યા ડૉ. વિજ્ઞા ઓઝા સમક્ષ વિદ્યાર્થીઓએ સમગ્ર વર્ષ યોગ કરવાના શપથ લીધા હતા.

# આયુષ્યમાન ભારત યોજના અંતર્ગત સંબંધિત વિભાગોને લક્ષ્ય સિદ્ધિ માટે રોડમેપ સમજાવતા ડીડીઓ


ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લામાં આયુષ્યમાન ભારત અંતર્ગત ગોલ્ડ કાર્ડ આપવાની કામગીરીને વેગીલી બનાવવા માટે આગામી દિવસોમાં ખાસ કેમ્પો યોજવામાં આવશે.

આજે આ અંગે તાલુકા વિકાસ અધિકારીઓ, સિવીલ સર્વિસ સેન્ટર તેમજ તાલુકા આરોગ્ય અધિકારીઓની સંયુક્ત બેઠક આરોગ્યતંત્ર દ્વારા યોજવામાં આવી હતી. આ બેઠકને જિલ્લા વિકાસ અધિકારી રાવલે સંબોધતાં જણાવ્યું હતું કે આ આખીય યોજનાનું સુપેરૂ અમલીકરણ એ લક્ષ્ય છે. આ માટે પ્રા.આ. કેન્દ્ર દીઠ ખાસ કેમ્પો યોજવામાં આવે તે જરૂરી છે. તેમણે કહ્યુ કે બધા જ સંબંધિત ક્ષેત્રનું સુયોગ્ય સંકલન સાધી આ કેમ્પોનું આયોજન થાય તે પણ જરૂરી છે.

જિલ્લામાં જુલાઈના અંત સુધીમાં ૮૦ ટકા કામગીરી થાય તે લક્ષ્ય સાથે આગળ વધવાની પણ તેમણે હિમાયત કરી હતી. તેમણે કહ્યુ હતુ કે જિલ્લામાં આધાર કાર્ડની પણ નોંધનીય કામગીરી થઈ છે ત્યારે હવે પ્રશ્નો ઉભા થાય અને નબળી કામગીરી રહે તે ચલાવી લેવાય નહિ. તેમણે કહ્યુ કે યોજનાનો લાભ છેવાડાના માનવી સુધી પહોંચે તે માટે તંત્ર છે. લક્ષ્ય સિદ્ધિ માટે ઉદાસીનતા છોડવી પડશે.

આ બેઠકમાં જિલ્લાના આરોગ્ય અધિકારીઓ ઉપરાંત અન્ય અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા અને ૧લી જુલાઈથી આવા કેમ્પો યોજવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.




## આવતીકાલે પુરૂષોત્તમ રૂપાલાના હસ્તે “અલગારીની ઓળખ” પુસ્તકનું લોકાર્પણ

ગાંધીનગર, તા. ૨૦

જાણીતા સાહિત્યકારો દોલત ભટ્ટ, ભરત કવિ, ડૉ. નિરંજન રાજ્યગુરૂ તથા ડૉ. અંબાદાન રોહડિયા દ્વારા સંકલિત-સંપાદિત “અલગારીની ઓળખ” સ્વ. તખતદાન રોહડિયા “દાન અલગારી”ના પુસ્તકનું લોકાર્પણ તા. ૨૨મી જૂન સાંજે ૬ કલાકે સેક્ટર-૧૧માં સુમનસીટીના ૧૦મા માળે હોટલ મીડવે ખાતે કેન્દ્રિય મંત્રી પુરૂષોત્તમ રૂપાલાના હસ્તે યોજવામાં આવ્યું છે. આ કાર્યક્રમનું સંચાલન અભેસિંહ રાઠોડ કરશે. આ પ્રસંગે નિરંજન રાજ્યગુરૂ, અંબાદાન રોહડિયા અને ભરત કવિ દ્વારા પ્રાસંગિક પ્રવચનો પ્રસ્તુત કરાશે. આ કાર્યક્રમ માટે ગાંધીનગર સાહિત્ય સભાના સભ્યોને આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## બાળકોને પાઠ્યપુસ્તકો સમયસર આપો રાકેશ પટેલ

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર શહેરમાં જ શાળાના બાળકોને પાઠ્યપુસ્તકો નહિ મળ્યા હોવા અંગે કોંગી કાઉન્સીલર રાકેશ પટેલે ઉગ્ર રોષની લાગણી વ્યક્ત કરી છે.

રાકેશ પટેલે નિવેદનમાં જણાવ્યુ છે કે ગાંધીનગર શહેર અને જિલ્લામાં જ આવી સ્થિતિ છે તો રાજયના અંતરિયાળ વિસ્તારોમાં શું સ્થિતિ હશે. શાળાઓનું શૈક્ષણિક સત્ર આરંભાઈ ગયાને ૧૦ દિવસથી વધુનો સમય થઈ ગયો છે પણ હજુ બાળકોને પાઠ્યપુસ્તકો જ નથી મળ્યા. શિક્ષકો શું ભણાવશે અને બાળક હોમવર્ક કેવી રીતે કરશે. તેમણે જણાવ્યુ છે કે બજારમાં પણ પુસ્તકો ઉપલબ્ધ નથી સરકારે શિક્ષણને ગુણવત્તાસભર બનાવવાની વાતો બંધ કરી બાળકોને સમયસર પુસ્તક મળે તેના પર ધ્યાન કેન્દ્રીત કરે તેવી માંગ કરી છે.

## ગ્રામ્ય વિસ્તારમાં સહકારી બેંકો દ્વારા વિકાસ થયો છે ડૉ. શંકરસિંહ રાણા

ગાંધીનગર, તા. ૨૦

સહકારી બેંકો દ્વારા ગ્રામ વિસ્તારમાં વિકાસ માટે સિંહફાળો રહ્યો છે તેમ ડૉ. શંકરસિંહ રાણાએ જણાવ્યુ હતુ. ઉદ્‌ઘાટન પ્રવચનમાં વાવોલ ગામે ‘ક’રોડ ઉપર અમદાવાદ જિલ્લા સહકારી બેંકની ૧૯૭મી શાખાનો પ્રારંભ કરાવતા જણાવેલ હતુ. ધી અમદાવાદ ડિસ્ટ્રીક્ટ કો.ઓ. બેંકના ચેરમેન અજયભાઈ પટેલ, વાઈસ ચેરમેન જગદીશભાઈ પટેલ, બોર્ડ ઓફ ડિરેક્ટરો સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

ગાંધીનગર જિલ્લાના વાવોલ ગામે ખેડૂતોના અને શહેરી વિસ્તારના નાગરિકોનો સરળ અને સુવિધાયુક્ત સી.બી.એસ.સી. રૂપી એ.ટી.એમ. કમ ડેબીટ કાર્ડ તેમજ લોકર્સ સાથેના બેંકનું ઉદ્‌ઘાટન ગઈકાલે ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ મધુર ડેરીના ચેરમેન ડૉ. શંકરસિંહ રાણા ઉદ્‌ઘાટન પ્રવચન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મધુર ડેરીના મેનેજિંગ ડાયરેક્ટર મનોહરસિંહ ચૌહાણ, સહકારી આગેવાન લાલભાઈ પટેલ વગેરેએ પ્રાસંગિક પ્રવચન કરેલ હતા.

# ભગવાન જગન્નાથજીની રથયાત્રાના ભવ્ય સ્વાગત માટે નગરજનોને અપીલ

**આગામી તા ૪ જુલાઇના રોજ શહેરમાં સે-૨૨ પંચદેવ મંદિર થી સવારે ૭ કલાકે ૩૫ મી રથયાત્રાનુ પ્રસ્થાન થશે : નિયત રૂટમાં રથયાત્રા આગળ વધશે : સેકટરવાસીઓ, વેપારીઓ તેમજ વિવિધ સંસ્થાઓને રથયાત્રાના ભવ્ય સ્વાગત માટે અપીલ**

ગાંધીનગર તા ૨૦

શહેરમાં આગામી તા ૪ જુલાઈના રોજ ભગવાન જગન્નાથજીની ૩૫ મી રથયાત્રાના આયોજનની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. ભગવાન જગન્નાથજીની ભવ્ય રથયાત્રાનુ સેકટરોમાં ભવ્ય સ્વાગત કરવા માટે નગરજનો ઉત્સુક બન્યા છે. જયારે શહેર વસાહત મહામંડળ દ્વારા પણ સેકટરવાસીઓ તેમજ વિવિધ સંસ્થાઓને રથયાત્રાનુ ભવ્ય સ્વાગત કરવા માટે પણ જણાંવાયુ છે.

શહેરમાં આગામી તા ૪ જુલાઈના રોજ ભગવાન જગન્નાથજીની ભવ્ય રથયાત્રાનુ આયોજન કરવામાં આવ્યુ છે. સવારે ૭ કલાકે સે-૨૨ સ્થિત પંચદેવ મંદિરેથી રથયાત્રા પ્રસ્થાન કરશે. જયારે રથયાત્રા પંચદેવ મંદિરથી સે-૨૨ શોપિંગ સેન્ટર થઈ સે-૧૭ઃ૨૨ થઈને સે-૧૭ શોપિંગ હનુમાન મંદિર થઈને સે-૧૬ તરફ આગળ વધશે. નિયત રૂટમાં રથયાત્રા આગળ વધશે. આ દરમિયાન સેકટરવાસીઓ ,વેપારીઓ તેમજ વિવિધ સંસ્થાઓ દ્વારા રથયાત્રાનુ ભવ્ય સ્વાગત કરાશે.જયારે રથયાત્રામાં જોડાયેલા ભાવિકો માટે પણ પ્રસાદ, છાશ તેમજ લીંબુ શરબત અને ચા નાસ્તાની પણ વ્યવસ્થા ગોઠવાશે. ભગવાનના મોસાળ સે-૨૯ સ્થિત જલારામ ધામ ખાતે પણ ભાવિકોને મહાપ્રસાદ પીરસવામાં આવશે. સે-૨૨ પંચદેવ મંદિરના ધર્માધ્યક્ષ ફુલશંકર શાસ્ત્રીના માર્ગદર્શન તેમજ ડો દિનેશ કાપડીયા અને પંચદેવ મંદિર યુવક મંડળના યુવાનો દ્વારા પણ રથયાત્રાના પર્વને વધુ ભવ્ય અને શાંતિપુર્વક વધાવવા માટે આયોજન કરવામાં આવ્યુ છે. શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચ, કાલીદાસ પટેલ તેમજ ડો ચેતના બુચે પણ ભગવાનની રથયાત્રાનુ ભવ્ય સ્વાગત કરવા માટે સેકટરવાસીઓ તેમજ વેપારીઓને અપીલ કરી છે. રથયાત્રા દરમિયાન યોગ્ય શિસ્ત જળવાય તે માટે પણ સહયોગીબળ પુરુ પાડવા અપીલ કરવામાં આવી છે.





**વલાદમાં પંકજભાઈ વ્યાસ તથા વજાપુરામાં ધનાજી ઝાલા સરપંચની ચૂંટણીમાં વિજયી**

ગાંધીનગર તાલુકાના વલાદ તથા વજાપુરા ગ્રામ પંચાયતોની ચૂંટણીના રસાકસીભર્યા જંગમાં વલાદની ગ્રામ પંચાયત ચૂંટણીમાં બે પૂર્વ સરપંચોએ ઝંપલાવ્યું હતું. વલાદના સરપંચના ઉમેદવાર પંકજભાઈ વ્યાસ વિજયી બનતા તેમના સમર્થકોએ અબીલ ગુલાલથી ભવ્ય સ્વાગત રૂપે વિજય સરઘસ દ્વારા વિજયોત્સવ મનાવ્યો હતો. જેમાં મોટી સંખ્યામાં જનમેદની ઉત્સાહભેર ઉમટી આવકાર આપ્યો હતો. આ સાથે વજાપુરા ચૂંટણીમાં ત્રિપાંખિયા જંગમાં ધનાજી ભુલાજી ઝાલા વિજયી બનતાં કાર્યકરોએ વિજયને વધાવી લીધો હતો.

# અડાલજ નર્મદા કેનાલમાંથી નારણપુરાના જમીન દલાલનો મૃતદેહ મળ્યો

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર-સરખેજ માર્ગ પર અડાલજ નર્મદા કેનાલમાંથી નારણપુરાના જમીન દલાલનો મૃતદેહ મળી આવ્યો છે. જમીનના ડખામાં તેમણે આપઘાત કર્યો હોવાનું પોલીસનું પ્રાથમિક અનુમાન છે. હાલ તો પોલીસે મૃતદેહને પીએમ કરાવી વધુ તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ અડાલજ પાસેથી પસાર થતી નર્મદા કેનાલમાંથી બુધવારે રાત્રે ૮ વાગ્યાના સુમારે એક મૃતદેહ મળી આવ્યો હતો. રાહદારીએ પોલીસને જાણ કરતા એએસઆઈ જીતેન્દ્રભાઈ ટીમ સાથે સ્થળ પર દોડી ગયા હતા. પોલીસે મૃતદેહને બહાર નીકાળીને તપાસ કરતા ખિસ્સામાંથી કશું જ મળ્યું ન હતું. જેને પગલે પોલીસે સોશિયલ મિડીયામાં ફોટો ફરતા કરીને વાલી વારસોની શોધખોળ શરુ કરી હતી. જેમાં એક પોલીસ જવાન જ મૃતદેહ અમદાવાદના નારણપુરાના દેવેન્દ્રભાઈ નાથાલાલ શાહનો હોવાનું જણાવ્યું હતું. જેમણે મૃતકના પુત્રને જાણ કરતા તેમનો પુત્ર મિતલ મોડી રાત્રે અડાલજ આવી પહોંચ્યા હતા. મૃતક દેવેન્દ્રભાઈ બુધવારના રોજ સવારે ૧૦ કલાકે ઘરેથી ગાંધીનગર કામઅર્થે નીકળ્યા હતા. એકટીવા લઈને નીકળેલા દેવેન્દ્રભાઈનો મૃતદેહ અડાલજ પાસેથી મળી આવ્યો છે, પરંતુ દેવેન્દ્રભાઈનું એકટીવા હજુ સુધી પોલીસને મળી આવ્યું નથી. પોલીસે અડાલજ વિસ્તારમાં તપાસ કરી, પરંતુ એકટીવા હાથ લાગ્યું નથી. પોલીસને શંકા છે કે એકટીવામાં તેમના આપઘાતનું કારણ દર્શાવતી કોઈ સુસાઈડ નોટ કે બીજુ કંઈ હોય શકે છે. અડાલજ પોલીસે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે પીએમ કરાવીને અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ શરુ કરી છે. પોલીસની પ્રાથમિક તપાસમાં દેવેન્દ્રભાઈને બોપલની કોઈ જમીન બાબતે ટેન્શન રહેતુ હતું તેમજ જમીનના વિવાદમાં તેઓએ આ પગલુ ભર્યું હોવાનું અનુમાન છે. પરંતુ પરિવારજનોના નિવેદન બાદ મૃત્યું સાચુ કારણ જાણી શકાશે.

# આજથી કોલવડા આયુર્વેદ હોસ્પિટલ ખાતે નિઃશુલ્ક યોગ નિદાન ચિકિત્સા શિબિરનો પ્રારંભ

**શિબિરમાં મધુમેહ, સ્થૌલ્ય, બ્લડપ્રેશર તથા મહિલા રોગ સંબંધિત નિદાન-સારવાર સાથે યોગ અને ડાયટ જીવનશૈલીનું માર્ગદર્શન અપાશે**

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગરના કોલવડા ખાતેની સ્ટેટ મોડેલ આયુર્વેદ કોલેજ દ્વારા વિશ્વ યોગ દિવસની ઉજવણીના ભાગરૂપે તા. ૨૧મી જૂનથી તા. ૨૭મી જૂન દરમ્યાન સરકારી સ્ટેટ મોડેલ કોલેજ સંલગ્ન હોસ્પિટલ ખાતે વિના મૂલ્યે યોગ નિદાન ચિકિત્સા શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ શિબિરમાં મધુમેહ, સ્થૌલ્ય, બ્લડપ્રેશર, મહિલા રોગ સંબંધી તકલીફો વગેરેની નિદાન ચિકિત્સાની સેવા પુરી પાડવામાં આવશે. યોગ નિદાન ચિકિત્સા શિબિરનો સમય દરરોજ ૯.૩૦ થી ૧૧.૩૦નો રાખવામાં આવ્યો છે.

યોગ નિદાન ચિકિત્સા શિબિરમાં દર્દીઓને વિનામૂલ્યે નિદાન, આયુર્વેદ સારવાર, યોગ નિષ્ણાંત દ્વારા વિવિધ યોગ અને પ્રાણાયામ પ્રશિક્ષણ તેમજ રોગ અનુસાર ડાયટ ચાર્ટ તથા જીવનશૈલી અંગેનું માર્ગદર્શન પુરૂ પાડવામાં આવસે. યોગ નિદાન ચિકિત્સા શિબિરમાં બ્લડપ્રેશર માટે ઓપીડી રૂમ નં. ૬માં ડૉ. આર.બી. ડોડીયા, ડૉ. જયક્રિશ્ન જાની, ડૉ. પિયુષ શાહ, મધુમેહ રોગ માટે ઓપીડી રૂમ નં. ૮માં ડૉ. એલ.પી. પાંડેય, ડૉ. કામિની વ્યાસ, ડૉ. એ.એ. ગોસાઈ, સ્થૌલ્ય રોગ માટે ઓપીડી રૂમ નં. ૧૦માં ડૉ. પંકજ પટેલ, ડૉ. દર્શન ત્રિવેદી તથા મહિલા રોગ માટે ઓપીડી રૂમ નં. ૧૪માં ડૉ. પારૂલ જોષી તથા ડૉ. આશા પટેલ સેવાઓ આપશે. આ શિબિરનો જાહેર જનતાએ લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

## “ગાંધી અને પર્યાવરણ” વિષય પર સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા. ૨૦

બદલાતી જળવાયુની પરિસ્થિતિ વચ્ચે શહેરના યુવા-વિદ્યાર્થી વર્ગને પર્યાવરણ સુરક્ષા માટે જાગૃત કરવા સશક્ત ફાઉન્ડેશન અને એ.આર.સી. સંસ્થાના સંયુક્ત ઉપક્રમે એ.એમ.એ. સભાગૃહ ખાતે સેમિનારનું આયોજન કરાયું હતું.

મુખ્ય અતિથિ વકતા પર્યાવરણ શિક્ષણ સંસ્થાનના નિયામક કાર્તિકેય સારાભાઈની સાથે ગાંધી આશ્રમના નિયામક અતુલ પંડ્યાએ “ગાંધી અને પર્યાવરણ” વિષય પર ઉપસ્થિત યુવાઓને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

અતુલ પંડ્યાએ જણાવ્યું કે જળવાયુ પરિવર્તનને ધ્યાને નહીં લેવામાં આવે તો આપણો વિકાસ જોબલેસ અને ફ્યુચરલેસ બનશે. મહાકાય યંત્રો થકી માસ પ્રોડકશનની સામે ગાંધીજીનો જનસમૂહ થકી ઉત્પાદનનો વિચાર કાર્બન ફૂટ પ્રિન્ટ ઓછી કરવામાં મદદરૂપ નીવડે છે.

# એહમદ પટેલની જુબાની સાથે હાઈકોર્ટમાં ચાલેલી સુનાવણી

**ચૂંટણી પંચે બે મત અમાન્ય ઠેરવતા બલવંતસિંહે અહમદ પટેલના રાજ્યસભાના વિજયને હાઈકોર્ટમાં પડકાર્યો હતો**

રાજ્યસભાની ચૂંટણીમાં વિજેતા જાહેર થયેલા કોંગ્રેસના નેતા અહમદ પટેલની જીતને પડકારતી ઈલેક્શન પિટિશન પર આજે હાઈકોર્ટમાં મહત્વની સુનાવણી હાથ ધરાઈ હતી. જે દરમ્યાન ખુદ એહમદ પટેલ અને તેમના વકીલ તરીકે કોંગ્રેસના દિગ્ગજ નેતા અને સિનિયર કાઉન્સેલ એવા પી.ચિદમ્બરમ્ ખાસ ગુજરાત હાઈકોર્ટમાં હાજર રહ્યા હતા. કેસની સુનાવણી દરમ્યાન એહમદ પટેલની જુબાની લેવાઈ હતી. લગભગ અઢી કલાક સુધી સતત કેસની સુનાવણી ચાલી હતી અને આવતીકાલે પણ કેસની સુનાવણી ચાલુ રહેશે. જસ્ટિસ બેલાબહેન ત્રિવેદીએ કેટલીક વેધક પૃચ્છા પણ એહમદ પટેલને કરી હતી. અહમદ પટેલના કેસની સુનાવણી દરમ્યાન આજે ગુજરાત હાઈકોર્ટમાં તેમની સાથે કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા, વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા પરેશ ધાનાણી સહિતના આગેવાનો પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. જેને લઈ કોર્ટ રૂમમાં રાજકીય આગેવાનોની હાજરી નોંધનીય બની રહી હતી. આજની સુનાવણી દરમ્યાન કોંગ્રેસના રાષ્ટ્રીય નેતા અને રાજયસભાના સાંસદ એહમદ પટેલની જુબાની કોર્ટ રૂબરૂ લેવાઈ હતી. તો, તેમના સિનિયર કાઉન્સેલ પી.ચિદમ્બરમે પણ એહમદ પટેલ તરફથી કેટલાક મહત્વના મુદ્દાઓ પરત્વે હાઈકોર્ટનું ધ્યાન દોર્યું હતું. ઉલ્લેખનીય છે કે, ઓગસ્ટ-૨૦૧૭માં થયેલી રાજ્યસભાની ચૂંટણી મામલે ભાજપના નેતા બલવંતસિંહે હાઈકોર્ટમાં એહમદ પટેલની જીતને પડકારી હતી. ત્યારબાદ અહમદ પટેલે આ અરજી પર સુનાવણી ન કરવા માટે સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી. જો કે, સુપ્રીમે અરજી પર સુનાવણી કરવા માટે હાઈકોર્ટને નિર્દેશ કર્યો હતો. ૨૦૧૭માં યોજાયેલી રાજ્યસભા ચૂંટણીમાં ચૂંટણી પંચે તત્કાલીન કોંગી ધારાસભ્ય ભોળાભાઈ ગોહિલ અને રાઘવજી પટેલના મત અમાન્ય ઠેરવી અહમદ પટેલને વિજયી જાહેર કર્યા હતા. આ કારણે વિજય માટે જરૂરી મતોની સંખ્યા ૪૫થી ૪૪ની નીચે આવી હતી. આ નિર્ણય સામે હરીફ ઉમેદવાર બલવંતસિંહ રાજપૂતે હાઈકોર્ટમાં અરજી દાખલ કરી હતી.

## કોર્ટમાં સુનાવણી દરમિયાન ચિદમ્બરમનો ફોન રણક્યો

ખૂબ જ મહત્વના કેસની સુનાવણી આજે ગુજરાત હાઈકોર્ટમાં ચાલી રહી હતી ત્યારે તે દરમ્યાન જ વચ્ચે એહમદ પટેલના સિનિયર કાઉન્સેલ પી.ચિદમ્બરમના મોબાઈલ ફોનની રીંગ અચાનક વાગી ઉઠી હતી, જેને લઈ સમગ્ર કોર્ટ રૂમમાં વકીલો,પક્ષકારો અને જજનું ધ્યાન તેના તરફ કેન્દ્રિત થયુ હતુ કારણ કે, કોર્ટ રૂમમાં એકદમ શાંત વાતાવરણમાં મોબાઈલ ફોનની રિંગ વાગી હતી. મોબાઈલ ફોનની રિંગ વાગતાં કોર્ટની સુનાવણીમાં પણ ખલેલ પડી હતી, જેથી પી.ચિદમ્બરમે તરત જ પોતાનો ફોન બંધ કરી ન્યાયમૂર્તિની માફી માંગી આ ચૂક બદલ ખેદ વ્યકત કર્યો હતો. ન્યાયમૂર્તિએ પણ ચિદમ્બરમને આ તેમની પ્રથમ ચૂક હોઈ માફી બક્ષી હતી અને બાદમાં કેસની સુનાવણી આગળ હાથ ધરાઈ હતી.

# ‘ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેશ’ અંગે સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા. ૨૦

ગુજરાત ઉદ્યોગ ક્ષેત્રે દેશમાં મોખરાનું રાજ્ય છે. ગુજરાત રાજ્યમાં ઓટોમોબાઈલ, રસાયણ અને ફર્ટિલાઈઝર વગેરેનો વિકાસ રાજ્ય સરકાર દ્વારા ઉઠાવવામાં આવેલ હકારાત્મક અને સાનુકૂળ પગલાને લીધે છે તેમ ઈન્ડેક્ષ્ટ-બીના એમ.ડી. રાજકુમાર બેનીવાલે જણાવ્યું છે.

અમદાવાદ ખાતે યોજાયેલા ‘ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ’ અંગે યોજાયેલા સેમિનારમાં તેમણે જણાવ્યું કે, બહુચરાજી-માંડલ સર દ્વારા હાંસલપુરમાં ઓટોમોબાઈલ અને તેને આનુષાંગિક ઉદ્યોગોનો વિકાસ થયો છે, તો ધોલેરામાં આખું સુનિયોજિત નગર ઊભુ થવાનું છે.

અમદાવાદને જોડતા રોડ-રસ્તા, રેલવેની સગવડો ઉભી કરાઈ રહી છે તેનો ઉલ્લેખ કરી ગુજરાતમાં પોર્ટનો પણ વિકાસ થયો છે તેથી ઉદ્યોગકારો પોતાનો માલસામાનની સરળતાથી વિદેશમાં નિકાસ કરી શકશે.

‘ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ’ માટે વર્લ્ડ બેંક દ્વારા ૩૧૭ માપદંડ નક્કી કરવામાં આવ્યા છે તેના આધારે ક્રમાંક નક્કી થતા હોય છે. આ માપદંડમાં ગુજરાત અગ્રેસર છે. ઉદ્યોગ માટે જરૂરી માળખાગત સુવિધા અને સાનુકૂળ જગ્યા ગુજરાતમાં સરળતાથી ઉપલબ્ધ છે. ઉદ્યોગો માટે જરૂરી મંજૂરીઓ પણ ઝડપથી મળે છે.

**ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ લી.**
(ગુજરાત સરકારનું સાહસ)

**જુનો લાકડાનો ભંગાર માલ-સામાનનો નિકાલ કરવા બાબત**

નિગમની વડી કચેરી ખાતે વર્ષો જુના લાકડાના ટેબલ / પાટીયા / રેક્સ / દરવાજાના નિકાલ કરવા રસ ધરાવતી પાર્ટીઓએ નીચેના સરનામે તા. ૨૧/૬/૨૦૧૯ થી તા. ૨૭/૬/૨૦૧૯ સુધીમાં કચેરી સમય દરમિયાન રૂબરૂ આવીને જુના લાકડાના માલ-સામાનનો નિરિક્ષણ કરી તેમના ભાવ બંધ કવરમાં નિગમની વડી કચેરી ખાતે તા.૨૯/૬/૨૦૧૯ સુધીમાં નીચેના દર્શાવેલ સરનામે સાંજે ૫.૦૦ કલાક સુધીમાં મેકલી આપવાના રહેશે.

મેનેજીંગ ડિરેક્ટર
ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ લિ.
રજીસ્ટર ઓફિસ : પ્રથમ માળ, હેન્ડલુમ ટેકનોલોજી ઈન્સ્ટીટ્યુટ બિલ્ડીંગ કંમ્પાઉન્ડ
મહાત્મા મંદિર પાસે, સેક્ટર-૧૩, ગાંધીનગર.
ફોન નં. : ૦૭૯-૨૩૨૪૧૭૧૨/૨૩૨૪૭૦૩૩, ફેક્સ નં. : ૦૭૯-૨૩૨૪૭૦૫૯
www.gurjari.co.in / Email : contact@gurjari.co.in / CIN U22219GJ1973SGC002360